Plot----Bunglow-----Flat
THE PROPZONEGANDHINAGAR
Buy-----sell-----Rent
A property consultant in Gandhinagar
Office : A/224, Swagatrainforest~2
Kuda san.Gandhinagar
Mobile : 9033810109

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક
now on Internet www.janfariyad.com
अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-21 ■ અંક-45 ■ તા. 05-11-2017 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઇપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### સમાજને જાતિના નામ ઉપર વિભાજિત કરવાની કોંગ્રેસની રમત

# રાહુલ ગાંધીને જીએસટીની સમજ નથી : અરૂણ જેટલીએ દાવો કર્યો

## દુનિયાભરમાં જીએસટીની પ્રશંસા થઇ રહી છે : વર્ષોથી કોંગ્રેસ પક્ષની લડાઇ એક વ્યક્તિની સામે રહી છે : મોદી અને અમિત શાહ પણ પ્રચારમાં ઉતરશે

અમદાવાદ,

ગુજરાતના પ્રવાસે પહોંચેલા નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, કોંગ્રેસની પાસે હવે કોઇ મુદ્દા નથી જેથી કોંગ્રેસ પાર્ટી સમાજને જાતિના નામ ઉપર વિભાજિત કરવાનું કામ કરી રહ્યુ છે. નાણામંત્રીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, રાહુલ ગાંધી જીએસટીને સમજી રહ્યા નથી. નાણામંત્રીએ દાવો કર્યો હતો કે, તેઓ નક્કરપણે માને છે કે, રાહુલ ગાંધી જીએસટીને સમજી રહ્યા નથી. જ્યાં તેમની પાર્ટીની કોંગ્રેસ સરકાર છે ત્યાના નાણામંત્રી આ નિર્ણયથી વાકેફ છે. માત્ર તકના નામ ઉપર નિવેદનબાજી કરવાથી એવું લાગે છે કે, રાહુલ ગાંધીને જીએસટીની સમજ નથી. જીએસટીની વ્યવસ્થાથી દેશની અર્થવ્યવસ્થાને ફાયદો મળી રહ્યો છે. દુનિયાભરમાં આની પ્રશંસા થઇ રહી છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીની શાનદાર જીત થશે. તેમણે કહ્યું હતું કે, દરેક ચૂંટણી માટે પોતાના અલગ એજન્ડા હોય છે અને તે એ વખતે મતદારોને પ્રભાવિત કરે છે. તેમણે વિશ્વાસ સાથે કહ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણીમાં અમારી શાનદાર જીત થશે. જ્યારે મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા ત્યારે તેઓએ નિર્ણય લીધો હતો કે ગુજરાત માટે એજન્ડા માત્ર વિકાસ અને પ્રગતિનો રહેશે. અમે સતત વિકાસ અને પ્રગતિની રાજનીતિ રમતા રહ્યા છે. ૨૦૦૨ની સ્થિતિમાં તંગદિલીપૂર્ણ સ્થિતિ હતી. આવી ઘટનાઓની મતદારોની સીધી અસર થાય છે. મોદી મુખ્યમંત્રી બન્યા ત્યારે તેઓએ નક્કી કર્યું હતું કે, વિકાસના મુદ્દાથી આગળ વધવાની જરૂર છે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, વિકાસના મુદ્દા ઉપર આગળ વધવાને લઇને મોદીએ નિર્ણય લીધા બાદ રસ્તા સરળ બન્યા હતા. ગુજરાતમાં સંપૂર્ણપણે શાંતિ અને ભાઈચારાની સ્થિતિ રહી છે. આવી સ્થિતિમાં અમારી જે શબ્દાવલી હતી તે વિકાસની બાબત હતી. એવા વર્ષોમાં અમે ગુજરાત રમખાણોના મામલામાં ફસાવીને આગળ વધવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ અમે રમખાણોના મામલામાં ફસાઈને રહ્યા ન હતા અને વિકાસ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જેટલીએ કહ્યું હતું વર્ષ ૨૦૦૭-૨૦૧૨માં ગુજરાતના લોકો ઝડપી વિકાસ ઈચ્છતા હતા પરંતુ ૨૦૧૨ બાદ ચૂંટણીમાં એક નવો વળાંક આવી ગયો છે. આજે ગુજરાત સમગ્ર દેશ માટે એક મોડલ બની ચુક્યું છે. વિજળી, પાણી, શિક્ષણ, ઉદ્યોગ બીજા રાજ્યો માટે મુદ્દા છે પરંતુ ગુજરાતમાં આ મુદ્દા દેખાતા નથી. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, મોદી અને તેમના ઉત્તરાધિકારીઓએ વિકાસના એજન્ડા ઉપર જ મુખ્ય ધ્યાને કન્દ્રિત કર્યું છે પરંતુ કોંગ્રેસના ઈતિહાસને ધ્યાનમાં લેવામાં આવે તો જાણી શકાય છે કે, છેલ્લી ઘણી ચૂંટણીથી તેમની લડાઈ માત્ર એક વ્યક્તિ સામે રહી છે. વ્યક્તિની સામે લડવા માટે જુઠ્ઠાણાનો ઉપયોગ કરાયો હતો. સીબીઆઈ સહિત સરકારી તંત્રનો દુરુપયોગ કરાયો હતો. તેમણે દાવા સાથે કહ્યું હતું કે, કોઇ રાજકીય પક્ષ પોતાના અભિયાનની શરૂઆત કરે અને વિકાસની મજાક ઉડાવીને આગળ વધે તેવું ક્યારે પણ તેઓએ જોયું નથી. દુનિયામાં આવા દાખલા કોઇ જગ્યાએ દેખાતા નથી. ચૂંટણી પ્રચારને જોવાની જરૂર છે. કોંગ્રેસ પાર્ટી વિકાસને મજાક બનાવીનેઆગળ વધી રહી છે. આર્થિક વિકાસ, ગરીબી અને પછાતપણા સામેની લડાઈને ફગાવી દેવાની બાબત અને તેમાં લડવાની બાબત યોગ્ય નથી. આ તમામથી કામ ચાલતું નથી. જાતિની રાજનીતિને લઈને કોંગ્રેસ પાર્ટી આગળ આવી જાય છે. કોંગ્રેસની પાસે હવે કોઇ મુદ્દા નથી ત્યારે તે ખતરનાક રમત રમવામાં લાગેલી છે. વાસ્તવિકતા એ છે કે, વિકાસનો લાભ તમામને મળે છે. કોઈપણ ધર્મ અને જાતિને આનાથી અલગ કરી શકાય નહીં. સમાજને વિભાજિત કરવાની બાબત યોગ્ય નથી. તૃણમુલ કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં આવેલા મુકુલરોય અંગે ટિપ્પણી કરતા જેટલીએ કહ્યું હતું કે, મુકુલ રોયની સીડી જોવામાં આવી છે. તપાસ સંસ્થાઓ પણ નિહાળી ચુકી છે. કાયદો પોતાની રીતે કામ કરશે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતથી જોડાવવાની વર્ષોથી તક મળી છે. આ વખતે પણ પાર્ટીની સહાયતા કરવાની જવાબદારી મળી છે. પાર્ટી સંબંધિત ચૂંટણી યોજના ઘડવાની તક પણ મળી છે.



જન સેવા આ વાક્ય ને સાર્થક કર્યું છે રૂદ્રાક્ષ નામ ની સંસ્થા એ, શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મીણ સમાજ ના યુવા લોકો દ્વારા ચાલતી આ સંસ્થા છેલ્લા ૫ વર્ષ થી કાર્યરત છે, રૂદ્રાક્ષ દ્વારા આ વખતે વીસ નગર તાલુકાના ગોઠવા ગામ મા મધર ટેરેસા નર્સિંગ કૉલેજ મા સમાજ ના બાળકો માટે ૫ દિવસ નુ સંસ્કાર શિબિર નુ આયોજન કર્યું હતુ, જેમા સમાજ ના ૧૯૬ બાળકો એ ભાગ લીધો હતો, સંસ્થા દ્વારા અહીંયા બાળકઓ માટે દરેક સુવિધા કરવા મા આવી હતી, શિબિર મા ૫ દિવસ દરમિયાન યોગા, ધ્યાન, નિત્ય પૂજા, ગીતા નુ મહત્વ, શિક્ષણ નુ મહત્વ, આયુર્વેદ નુ મહત્વ, વેદિક અંક, સમાજ નુ મહત્વ, નૃત્ય, નાટક, કરાટે વગેરે વિષય પર નિશ્રાતો દ્વારા ક્લાસ લેવા મા આવ્યા હતા, શિબિર દરમિયાન બાળકઓ માટે એક દિવસ ના પ્રવાસ નુ આયોજન કરવા મા આવ્યું હતુ જેમા બાળકઓ ને હિંમત નગર નજીક સ્વામી નારાયણ મંદિર અને સાબર ડેરી ની મુલાકાત કરાવી હતી, આ શિબિર માટે સંસ્થા દ્વારા ટોકન ફી તરીકે ૨૫૦ રૂપિયા લેવામા અવ્યા હતા, અને ૨૯ /૧૦ /૨૦૧૭ ના રોજ સંસ્થા દ્વારા બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ નુ સ્નેહ સંમેલન રાખવા મા આવ્યુ હતુ જેમા મોટી સંખ્યામાં લોકો એ વિજાપુર ખાતે હાજરી આપી હતી, રૂદ્રાક્ષ સંસ્થા ની એક ખાસિયત છે કે કોઈ પણ પદ ની આપેક્ષા વગર આમા બધા કાર્યકર્તા છે રૂદ્રાક્ષ દ્વારા સ્નેહ સંમેલન મા શ્રવણ યાત્રા ની જાહેરાત કરવા મા આવી જેમા સમાજ ના વડીલો માટે રામેશ્વર મા શિવ પુરાણ બેસાડવા ની જાહેરાત કરી..mehul Raval.

### કોંગ્રેસી નેતા મોઢવાડિયાના ગંભીર આક્ષેપો

# સુરત : ટીપી સ્કીમોના ઓઠા હેઠળ ૩૦ હજાર કરોડનું કાંડ

## જય શાહની કંપની કરોડોનો નફો રળતી કેવી રીતે થઇ તે ટેકનિકને મોદીએ બેરોજગાર યુવાનોને શીખવવી જોઈએ

અમદાવાદ,

ભાજપ સરકારના શાસનમાં સુરતની ટીપી સ્કીમના ઓઠા હેઠળ આચરાયેલા હજારો કરોડ રૂપિયાના કૌભાંડનો ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતા અને પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુનભાઇ મોઢવાડિયાએ આજે પર્દાફાશ કર્યો હતો. આરટીઆઇ હેઠળ મેળવાયેલી માહિતીનો આધાર ટાંકી મોઢવાડિયાએ પત્રકાર પરિષદમાં સુરતમાં જુદી જુદી ૧૨૮ જેટલી ટીપી સ્કીમોમાં ૪૦ ટકા કપાતનો નિયમ લાગુ નહી કરી આશરે ૫૦ લાખ, ૨૦ હજાર ચોરસમીટર જેટલી વિશાળ જમીનો બારોબાર બિલ્ડરોને પધરાવી દઇ ભાજપ સરકારે રૂ.૩૦ હજાર કરોડનું મસમોટુ કૌભાંડ આચર્યુ હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. મોઢવાડિયાએ આ સમગ્ર પ્રકરણમાં ન્યાયિક તપાસની માંગણી પણ કરી હતી. કોંગ્રેસ પક્ષના સિનિયર નેતા અર્જુનભાઇ મોઢવાડિયાએ આજે ભાજપ સરકાર પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, ભાજપે છેલ્લા ૨૨ વર્ષના તેના શાસન દરમ્યાન ટીપી સ્કીમો મૂકવામાં અને નહી મૂકવામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચર્યો છે. આ તો રાજય સરકાર છે કે, લૂંટારૂ ટોળકી? સુરતની જુદી જુદી ૧૨૮ જેટલી ટીપી સ્કીમો હેઠળ ૫૦ લાખ, ૨૦હજાર ચોરસમીટરથી વધુ જમીન ભાજપ સરકારે બિલ્ડરોને પધરાવી દીધી અને અંદાજે રૂ.૩૦ હજાર કરોડનો મસમોટો ભ્રષ્ટાચાર આચર્યો. હકીકતમાં ૪૦ ટકા કપાતના નિયમ પ્રમાણે આટલી જમીનો બિલ્ડરો પાસેથી લેવાની થાય પરંતુ ભાજપ સરકારે બિલ્ડરોને છૂટા હાથે લ્હાણી કરી હજારો કરોડ રૂપિયા ખંખેરી લીધા. સુરતમાં બાગ-બગીચા, હોસ્પિટલો સહિતના જાહેરહિતના કામોનો અભાવ વર્તાય છે તેની પાછળ ભાજપ સરકારનો આ ભ્રષ્ટાચાર જવાબદાર છે. આ મામલે ગુજરાત હાઇકોર્ટમાં પીઆઇએલ પણ થયેલી છે પરંતુ તેમાં જવાબ શું રજૂ કરવો તે મામલે સરકાર મૂંઝવણમાં મૂકાઇ છે અને તેથી મુદતો લીધ્યે રાખે છે. દરમ્યાન મોઢવાડિયાએ અમિત શાહના પુત્ર જય શાહની કંપનીના રોતારાત કરોડોના નફાને લઇ પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના પુત્ર જય શાહની કંપનીનું ટર્ન ઓવર માત્ર રૂ.૫૦ હજાર કરોડમાંથી રાતોરાત રૂ.૮૦ કરોડથી વધુનું કેવી રીતે બની ગયું તે એક સૌથી મોટો સવાલ છે. ખરેખર તો, મોદીજી અને અમિત શાહે મેક ઇન્ડિયાની આ ટેકનીક ગુજરાતના લાખો બેરોજગાર યુવાનોને પણ શીખવાડવી જોઇએ તો તે યુવાનોની એક સેવા ગણાશે પરંતુ કમનસીબી એ છે કે, ગુજરાતના લાખો બેરોજગાર યુવાઓ પાસે અમિત શાહ જેવા પિતા અને નરેન્દ્ર મોદી જેવા અંકલ નથી. તેમણે એવા પ્રહાર પણ કર્યા હતા કે, હવે ચૂંટણી આવી છે એટલે ભાજપ તોફાનો સહિતના સાંપ્રદાયિક મુદ્દા ઉછાળશે અને બે-ચાર આંતકવાદીઓ પણ પકડાશે. પરંતુ ગુજરાતની જનતા હવે ભાજપને ઓળખી ગઇ છે અને તેથી આ વખતની ચૂંટણીમાં ગુજરાતની પ્રજા ભાજપનો જડબાતોડ જવાબ આપશે.

### જોડાણને પગલે હવે આંતરરાષ્ટ્રીય સર્ટિ.મળશે

# IIMTSનું યુકેની સીટી ઓફ ઓક્ષ્ફર્ડ કોલેજની સાથે જોડાણ

## ઇ લર્નિંગમાં IIMTS ચોથા રેન્ક પરની પ્રતિષ્ઠિત સંસ્થા ઓક્ષ્ફર્ડ કોલેજ સાથે જોડાણથી વિદ્યાર્થીઓને હવે પ્લેટફોર્મ

અમદાવાદ,

ભારતમાં ડિસ્ટન્સ લર્નિંગમાં ૪થા નંબરનો રેન્ક ધરાવતી અમદાવાદ સ્થિત ઇન્ટરનેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનીકલ સ્ટડીઝ (આઇઆઇએમટીએસ)એ યુકેની પ્રતિષ્ઠિત સીટી ઓફ ઓક્ષ્ફર્ડ કોલેજ સાથે જોડાણ કર્યું છે. આ જોડાણ અંગેના વિધિવત્ એમઓયુ આજે થયા હતા. જેને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્કીલ ઇન્ડિયા મીશનનો આ સંસ્થા જાણે હિસ્સો બની છે. બીજીબાજુ, આ જોડાણનો પગલે હવે આઇઆઇએમટીએસના વિદ્યાર્થીઓનો સીટી ઓફ ઓક્ષ્ફર્ડ કોલેજનું પ્રમાણપત્ર મળશે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત છે. આ અંગે યોજાયેલ કાર્યક્રમમાં સીટી ઓફ ઓક્ષ્ફર્ડ કોલેજના ગ્લોબલ ડાયરેકટર નીકો ફિલીપ, આઇઆઇએમટીએસના સ્થાપક ડાયરેકટર મનોજ આર ઠક્કરે જણાવ્યું હતું કે, આઇઆઇએમટીએસ તેના ઉદ્યોગલક્ષી અભ્યાસક્રમ માટે જાણીતી છે અને તેના સલાહકાર બોર્ડ મેમ્બર્સમાં જાણીતા ઉદ્યોગોના નિષ્ણાત વ્યવસાયિકોનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે હવે આઇઆઇએમટીએસનું જોડાણ થતાં વેબ લર્નીંગ અને લાઇવ લેકચર્સ અને સ્ટડીના કન્સેપ્ટ સાથે એક નવતર શિક્ષણ યુગનો હવે પ્રારંભ થશે. જેમાં યુકેના નિષ્ણાત ફેકલ્ટી ત્યાંથી અહીંના વિદ્યાર્થીઓને ભણાવશે અને અહીંના ફેકલ્ટી પણ શિક્ષણનું જ્ઞાન પ્રદાન કરશે. ઇ લર્નિંગમાં આઇઆઇએમટીએસ ૪ થા રેન્ક પરની પ્રતિષ્ઠિત સંસ્થા છે, જેનું આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત યુકેની સીટી ઓફ ઓક્ષ્ફર્ડ કોલેજ સાથે જોડાણ થવાથી તેના વિદ્યાર્થીઓને હવે ગ્લોબલ પ્લેટફોર્મ મળશે અને આંતરરાષ્ટ્રીય સંસ્થાનું પ્રમાણપત્ર પ્રાપ્ત થશે.આ પ્રસંગે આઇઆઇએમટીએસના પ્રેસીડેન્ટ અતુલ પંડયા અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના લર્નિંગ એન્ડ એજયુકેશનના સિનિયર વાઇસ પ્રેસીડેન્ટ ડો.સંજીવ નાયરે જણાવ્યું હતું કે, આ બંને સંસ્થાઓ વચ્ચેના એમઓયુ શિક્ષણજગતની ઐતિહાસિક ઘટના છે અને તે ગુજરાત માટે ખાસ કરીને વર્કીંગ પ્રોફેશનલ્સ સ્ટુડન્ટસ માટે ગૌરવપૂર્ણ વાત કહી શકાય. છેલ્લા બે વર્ષમાં આઇઆઇએમટીએસનો એસોચેમનો ધ બેસ્ટ ઇન્સ્ટીટયુટ ઇન એકેડમી-ઇન્ડસ્ટ્રીઝ ઇન્ટરફેસ નેશનલ એવોર્ડ અને એબીપી ન્યુઝનો ઇન્ડિય એજયુકેશન કોંગ્રેસ એવોર્ડ ફોર ધ બેસ્ટ ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટીટયુટ એન્ડ ધ બેસ્ટ ઇન્સ્ટીટયુટ ઓફ એકેડમી ઇન્ડસ્ટ્રી ઇન્ટરફેસ એવોર્ડ પ્રાપ્ત થયા છે. આ પ્રસંગે સંસ્થાના બોર્ડ મેમ્બર પ્રિયંકા ગુપ્તાએ જણાવ્યું હતું કે, આઇઆઇએમટીએસ દ્વારા વર્કીંગ પ્રોફેશનલ્સ માટે ૫૦થી વધુ અભ્યાસક્રમો ચલાવાઇ રહ્યા છે, જેમાં હવે યુકેની સીટી ઓફ ઓક્ષ્ફર્ડ કોલેજ સાથે જોડાણ થતાં આ કોર્સીસના કેટલાક અપગ્રેડ કરવાની સાથે સાથે કેટલાક કોર્સીસ નવા લોન્ચ કરવામાં આવશે. વિશ્વના ૪૦ દેશોમાં આઇઆઇએમટીએસ તેની હાજરી ધરાવે છે. વડાપ્રધાન મોદીની સ્કીલ ઇન્ડિયા અભિયાનમાં હવે તેમની સંસ્થા પણ જાણે એક હિસ્સા તરીકે જોડાઇ ગઇ છે.

### મેજીક જેક, લેપટોપ સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો

# બાપુનગર : આખરે વધુ એક કોલ સેન્ટરનો પર્દાફાશ થયો

## પકડાયેલાઓમાં એક આરોપી સગીર : આરોપીઓ લોન અપાવવાના બહાને વિદેશીની પાસેથી નાણાં ખંખેરતા હતા

અમદાવાદ,

શહેરના બાપુનગર વિસ્તારમાં અંસારનગર ખાતેથી આજે પોલીસે વધુ એક કોલ સેન્ટર ઝડપી પાડી તેનો પર્દાફાશ કર્યો હતો. બાપુનગર પોલીસે આ પ્રકરણમાં એક સગીર સહિત કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે આરોપી પાસેથી મોબાઇલ ફોન, મેજિક જેક, લેપટોપ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી સમગ્ર પ્રકરણમાં વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના બાપુનગર વિસ્તારમાં અંસારનગર ખાતે ગેરકાયદે કોલ સેન્ટર ધમધમી રહ્યું હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે ભારે ગુપ્તતા સાથે સ્ટાફના માણસો સાથે દરોડા પાડી કોલ સેન્ટરને પકડી પાડયું હતું. પોલીસે ઘટનાસ્થળેથી એક સગીર સહિત ચાર આરોપીઓને પણ ઝડપી લીધા હતા. પોલીસે તેઓની પાસેથી લેપટોપ, મેજિક જેક, મોબાઇલ ફોન સહિતના મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે હાથ ધરેલી પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપીઓ ગેરકાયદે કોલ સેન્ટર મારફતે વિદેશમાં વસતા નાગરિકોને કોલ કરી તેઓને લોન અપાવવાના બહાને તેમ જ અન્ય લોભામણી સ્કીમ હેઠળ લલચાવી તેઓની પાસેથી નાણાં ખંખેરી લેતા હતા. પોલીસે આરોપીઓની ધરપકડ બાદ હવે એ મુદ્દાઓ પરની તપાસ આરંભી છે કે, અત્યારસુધીમાં આરોપીઓએ આ પ્રકારે કેટલા વિદેશી નાગરિકો પાસેથી કેટલી રકમ ખંખેરી ?આરોપીઓ સાથે આ પ્રકરણમાં અન્ય કોણ કોણ સંડોવાયેલું છે અને કોની રહેમ નજર હેઠળ આ સમગ્ર ગેરકાયદે કોલ સેન્ટર ચાલતુ હતું. પોલીસે આરોપીઓની કડકાઇથી પૂછપરછ કરી સમગ્ર કૌભાંડમાં વધુ વિગતો મેળવવા તપાસ હાથ ધરી છે અને તેઓના રિમાન્ડ મેળવવાની તજવીજ પણ હાથ ધરી છે. અમદાવાદ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાંથી પોલીસ દ્વારા છાશવારે કોલ સેન્ટરને પકડી પાડી પર્દાફાશ કરવામાં આવતો હોય છે પરંતુ તેમછતાં ગુનેગાર તત્વો એટલા રીઢા અને બેફામ હોય છે કે તેઓ પોલીસતંત્રનો ડર કે ખોફ રાખ્યા વિના તેમની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ જ રાખે છે તે બાપુનગરના કોલ સેન્ટર પરથી જ સ્પષ્ટ થાય છે.

# સંપૂર્ણ સન્માન સાથે પ્રદિપસિંહ કુશવાહાની થયેલ અંતિમવિધિ

અમદાવાદ,

જમ્મુ-કાશ્મીરના પુલવામા સાંબૂરા ખાતે આંતકવાદીઓ સાથેની અથડામણમાં શહીદ થયેલા અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં રહેતા વીર જવાન પ્રદીપસિંહ કુશવાહની આજે સૈન્ય સન્માન સાથે અંતિમ યાત્રા નીકળી હતી. જેમાં હજારોની સંખ્યામાં લોકો સ્વયંભુ રીતે જોડાયા હતા. અંતિમયાત્રામાં લોકોએ જોરદાર રીતે વંદે માતરમ્, ભારત માતા કી જય, પ્રદીપસિંહ અમર રહો ના નારા લગાવતાં દેશભકિતનો માહોલ છવાઇ ગયો હતો. વીર શહીદના સૈન્ય સન્માન સાથે અંતિમ સંસ્કાર વખતે ભલભલાની આંખો ભીની થઇ ગઇ હતી. સૌકોઇએ સલામી કરી વીર શહીદ પ્રદીપ કુશવાહને અંતિમ વિદાય આફી હતી. શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ભાર્ગવ રોડ પર રહેતો ૨૩ વર્ષીય જવાન પ્રદીપસિંહ કુશવાર ગુરૂવારે જમ્મુ-કાશ્મીરના પુલવામાના સાંબૂરા ખાતે આંતકવાદીઓ સાથેની અથડામણમાં શહીદ થયો હતો. એક તરફ તેના પરિવારજનો, મિત્રવર્તુળ સહિતના લોકોમાં ઉંડા શોક અને આઘાતનો માહોલ છવાયેલો હતો, ત્યારે બીજીબાજુ, ગઇકાલે સાંજે ૫-૪૫ વાગ્યાની આસપાસ શહીદ જવાન પ્રદીપસિંહ કુશવાહનો પાર્થિવદેહ ભારતીય વાયુદળના વિમાન મારફતે અમદાવાદ એરપોર્ટ પર લવાયો હતો.

## અમેરિકાના પ્લેશેન્સિયા શ્રી રાધારમણ મંદિર આયોજીત સ્નેહ મિલન કાર્યક્રમ..





શ્રી રાધારમણ મંદિર, કેલિફોર્નિયા ના લાભાર્થે દીવાલી-નૂતન વર્ષ સ્નેહ મિલન સહ ભોજન સમારોહ અને સુ.શ્રી જયશ્રી ગોહેલ ગ્રુપ સાથે સંગીત સંધ્યા સમારોહ ખૂબજ આનંદ પૂર્વક ઊજવાઈ ગયો... સુંદર વસ્ત્ર પરીધાન સાથે સનાતન મંદિરના હોલ ઉપર સાંજના ૬:૦૦ વાગ્યાથી સભ્યોનું આગમન થયું હતું તેમજ પરસ્પર શુભેચ્છાની આપ-લે સાથે સુંદર ભોજન ને ન્યાય આપ્યો હતો... પ્રથમ સુંદર વાનગીઓ આરોગી સૌ તૃપ્ત થયાં હતાં..ત્યાર બાદ રાત્રે ૮-૩૦ કલાકે સૌએ સંગીત સંધ્યા માટે હોલમાં પ્રવેશ મેળવ્યો હતો....સુંદર રીતે સજાવેલ સ્ટેજ અને હોલથી સૌ પ્રભાવિત થયા હતા અને પરિવાર સાથે ફોટોગ્રાફ્સ લેવામાં વ્યસ્ત થયા હતા. ઉદ્‌ઘોષક શ્રી કંદર્પ શાહે સૌને આવકારીને સંસ્થા તેમજ કાર્યકરો તરફથી દીવાળી અને નૂતનવર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી... સાથે સાથે શ્રીમતિ જયશ્રી ગોહિલ અને સાથી કલાકારોનો પરિચય કરાવ્યો હતો.. દિપ પ્રાગટ્ય માટે શ્રી દેવેંદ્ર-વિભા અગ્રવાલ,લક્ષ્મણ-રીટા પટેલ,રામ-અરૂણા સીંગાણીયાને નિમંત્રણ આપેલ... દિપ પ્રાગટ્ય બાદ મહેમાનોએ સૌને તથા કાર્યક્રમના આયોજનોને બીરદાવ્યા હતાં. માર્ગદર્શક શ્રી હર્ષદ શાહ તથા કમીટીના સભ્યો શ્રી અશ્વિન પટેલ,મયુર પટેલ,અરૂણ ગાંધી,જગદીપ ચોપરાને સન્માનવામાં આવ્યા હતા... કલાકાર વૃંદ શ્રીમતિ જયશ્રી ગોહિલ,સુરેશ ભટ્ટ,ઋષી,હરી તથા બેન્જામીને સ્ટેજ સંભાળ્યુ હતું..'' બાબુજી ધીરે ચલનાં '' ગીતથી રજુઆત કરીને એક પછી એક સદાબહાર ગીતો...લત્તાજી,રફિસાહેબ,મુકેશ,ના ગીતો ગાઈને દર્શોકોને મોહી લીધા હતા...સાથે સાથે મીમીક્રી,નવા ગીતો,ગુજરાતી ગીતો રજુ કરીને રમઝટ જમાવી હતી... આ બધામાં '' અમે ગુજરાતી લાલા '' સમ્રગ કાર્યક્રમનું શીર મહોર ગીત હતું.. આ ગીત ઉપર દર્શકોએ મનભરીને ડાન્સ કર્યો હતો. મધ્યાંતરમાં સ્વયંમસેવકોએ સુંદર વ્યવસ્થા દ્વારા સૌને ચા-કોફી-નાસ્તો પીરશાયા હતો....લગભગ રાત્રે ૧:૦૦ કલાકે સૌએ ગીફ્ટ મેળવીને આનંદ પૂર્વક વિદાય લીધી હતી.(માહિતી: હર્ષદ શાહ અને તસ્વીર: કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

### વિકાસના મુદ્દે ચૂંટણી લડવા કોંગ્રેસને ખુલ્લો પડકાર ફેંક્યો

# ગુજરાતમાં ભાજપ ૩/૪ બહુમતિ સાથે પ્રચંડ વિજય મેળવશે : શાહ

અમદાવાદ,

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પાંચ દિવસના સંગઠનાત્મક ઝંઝાવતી પ્રવાસના પ્રથમ દિવસે જ કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને વિકાસના મુદ્દે ચૂંટણી લડવા ખુલ્લો પડકાર ફેંક્યો હતો. સાથે સાથે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ૩/૪ બહુમતિ સાથે જીત મેળવશે તેવો દાવો પણ કર્યો હતો. અમિત શાહે રાહુલને પાંચ સણસણતા પ્રશ્નો પણ કર્યા હતા. અમિત શાહે કહ્યું હતું કે, રાહુલ ગાંધી એનજીઓના ખોટા આંકડા રજૂ કરીને રાજ્યની પ્રજામાં ખોટી માહિતી ફેલાવી રહ્યા છે. અમિત શાહના આજથી પ્રારંભ થયેલા પાંચ દિવસના સંગઠનાત્મક ઝંઝાવાતી પ્રવાસના પ્રથમ દિવસે તેઓએ ગાંધીધામ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત વિધાનસભાની આવી રહેલી ચૂંટણીમાં ભાજપ ૩/૪ બહુમતિ સાથે વિજયી થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેઓએ કોંગ્રેસ જ્યારે જ્યારે ચૂંટણી આવે છે ત્યારે ત્યારે દેખાય છે. ગુજરાતમાં ચૂંટણી પુરી થઈ જાય છે ગુજરાતમાં કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ જ્યારે આવે છે ત્યારે ગુજરાતની જનતાને કેટલાક પ્રશ્નોના જવાબ આપે તેવી પણ માંગણી કરી હતી. રાહુલ ગાંધીને સીધા પાંચ પ્રશ્નો કરતા કહ્યું હતું કે, નર્મદા યોજનાની મંજુરી કેમ ના આપી, નર્મદા ડેમના દરવાજા બંધ કરવાની મંજુરી કેમ નામ આપ, કચ્છને રણ વિસ્તારની સ્પેશિયલ ગ્રાન્ટ કેમ ન આપી, પાટનગર ગાંધીનગરને કેન્દ્રની ગ્રાન્ટ કેમ નહોતી આપી અને ગુજરાતને ક્રૂડ ઓઈલ-ગેસ રોયલ્ટીની ગ્રાન્ટમાં વર્ષો સુધી અન્યાય કેમ કર્યો હતો. તેઓએ પત્રકારોને સંબોધનમાં જણાવ્યું હતું કે, ૧૯૯૦થી ૨૦૧૭ સુધી નગરપાલિકાની ચૂંટણી હોય, વિધાનસભાની ચૂંટણી હોય કે લોકસભાની ચૂંટણી હોય ભાજપા હમેશા જીતતું આવ્યું છે, ગુજરાતની જનતાને ભાજપને પ્રેમ આપ્યો છે, આશીર્વાદ આપ્યા છે, ભાજપનું સંવર્ધન અને પરામર્જન કર્યું છે. ભાજપ તેનો ઋણી છે અને આભારી છે. ૨૦૦૧થી ૨૦૧૪ સુધીનો ગુજરાતની ભાજપ સરકારનો કાર્યકાળ ગુજરાતના વહીવટ, સેવાકીય કાર્યો અને ગુજરાતની વિકાસયાત્રાનો સુવર્ણકાળ રહ્યો છે. ૨૦૧૪ પછી ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અને મુખ્યમંત્રી વિજય રૂપાણીના અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના નેતૃત્વમાં એ પરંપરા આગળ વધી છે અને ગુજરાતનું ગૌરવ સતત વધ્યું છે. તેઓએ પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે, ૬૦ વર્ષમાં દેશમાં નક્કર કાર્યો ન કરનારી, દેશની પ્રગતિને રુંધનારી કોંગ્રેસ વિકાસના ગ્રોથ એન્જિન ગુજરાતમાં આવી વિકાસના પ્રશ્નો પુછે છે. ત્યારે ગુજરાતની જનતા કોંગ્રેસના ઉપાધ્યક્ષને સ્વાભાવિક પ્રશ્ન પુછે છે કે તમે ૬૦ વર્ષમાં શું કર્યું. પોતાના પરિવારની પરંપરાગત લોકસભાની ઉત્તર પ્રદેશ રાજ્યની અમેઠી અને રાયબરેલી બેઠકોના પ્રજાજનોને વિકાસથી વંચિત રાખ્યા તેનો જવાબ તમારી પાસે છે.

તાજેતરમાં જ અમેઠીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને કલેક્ટર કચેરીનું ખાતમુહુર્ત મેં કર્યું છે. પોતાના મતક્ષેત્રની પ્રજાની અપેક્ષા ન સંતોષી શકનાર ગુજરાતમાં વિકાસના પ્રશ્નો પુછે છે. કોંગ્રેસના શાસનમાં ૧૯૯૫ પહેલા ગુજરાતની જે સ્થિતિ હતી અને ૧૯૯૫ બાદ ગુજરાતમાં થયેલી પ્રગતિની સિલસિલાબદ્ધ વિગતો આપતા અમિત શાહે જણાવ્યું હતું કે, ગુજરાતે ભાજપના શાસનમાં વિકાસના ક્ષેત્રે હરણફાળ સિદ્ધિ હાસલ કરી છે.

### આજે રાજપૂત સમાજનું મોગલધામ ખાતે સંમેલન

# બુધેલ સરપંચ પર અત્યાચાર વિરૂદ્ધ સમુદાયે બાંયો ચડાવી

### રાજપૂત સમાજના આગેવાનોની વાઘાણીના રાજીનામાની માંગણી : વાઘાણી સમાજની-મોરીની જાહેરમાં માફી માંગે



અમદાવાદ,

ભાવનગર જિલ્લાના બુધેલ ગામના રાજપૂત સમાજના સરપંચ દાનસંગ મોરી પર રાજકીય દ્વેષભાવ રાખી ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઇ વાઘાણી દ્વારા કરાયેલા કથિત અત્યાચારો અને ષડયંત્રોના વિરોધમાં ગુજરાતના સમગ્ર રાજપૂત સમાજે બાંયો ચડાવી છે અને લડાયક મૂડમાં આવી ગયું છે. આવતીકાલે જીતુ વાઘાણીના વિરોધમાં ગુજરાતભરના રાજપૂત સમાજના એક લાખ લોકોનું મહાસંમેલન બાવળાના ભાયલા ગામના મોગલધામ ખાતે મહાસંમેલન યોજાનાર છે. રાજપૂત સમાજના આગેવાનોએ આજે ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીનું આ સમગ્ર મામલામાં રાજીનામું માંગી એવી માંગણી કરાઇ હતી કે, વાઘાણી રાજપૂત સમાજની અને જેને ભોગ બનાવાયા છે તે દાનસંગ મોરીની જાહેરમાં માફી માંગે. ભાજપ સરકાર વાઘાણી સામે કાયદાનુસાર કાર્યવાહી કરે. ગુજરાતના રાજપૂત સમાજના વડીલ અગ્રણી કાનભા ગોહેલ, આંદોલનના કન્વીનર બળવંતસિંહ પઢેરિયા અને કુલદીપ સગરે અત્રે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઇ વાઘાણીએ સરકારી તંત્રનો દૂરપયોગ કરી બુધેલ ગ્રામ પંચાયત હસ્તકની આશરે ૨૦થી ૨૫ કરોડ રૂપિયાની ગૌચર જમીન પડાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ગામના સરપંચ દાનસંગ મોરીએ વાઘાણીનો આ મેલો મનસૂબો પાર પડવા દીધો ન હતો, જેની અદાવત અને રાજકીય દ્વેષ રાખીને જીતુ વાઘાણીએ પોતાની સત્તા અને હોદ્દાનો દૂરપયોગ કરી પોલીસ અને સરકારી તંત્ર દ્વારા દાનસંગ મોરી અને તેમના પરિવારજનોને છેલ્લા ત્રણ વર્ષથી ખોટા કેસો અને ધાક-ધમકીઓ આપી હેરાન-પરેશાન કરી નાંખ્યા છે. એટલું જ નહી, દાનસંગ મોરીને સરપંચ તરીકે સસ્પેન્ડ કરાવી દઇ ખોટા કેસમાં છ મહિનાની સજા પણ કરાવવામાં આવી હતી. છેલ્લા ત્રણ વર્ષથી દાનસંગ મોરી અને તેમનો પરિવાર જીતુ વાઘાણીના અહંકાર અને બદલાનો ભોગ બની રહ્યો છે., પરંતુ હવે હદ પાર થઇ જતાં સમગ્ર રાજપૂત સમાજ એક થયો છે અને દાનસંગ મોરીની વ્હારે આવ્યો છે. રાજપૂત સમાજના અગ્રણી કાનભા ગોહેલ અને કન્વીનર બળવંતસિંહ પઢેરિયાએ સ્પષ્ટ કર્યું હતું કે, તેમનો વિરોધ ભાજપ સરકાર સામે નથી પરંતુ જીતુભાઇ વાઘાણીના અહંકાર અને અત્યાચારી વલણ સામે છે. આવતીકાલે બાવળાના ભાયલા ગામે મોગલ ધામ ખાતે ૨૦૦ એકર વિશાળ જમીનમાં રાજયભરમાંથી આશરે એક લાખથી વધુ રાજપૂત સમાજના લોકો એકત્ર થવાના છે અને આ મહાસંમેલનમાં જીતુભાઇ વાઘાણીના એક રાજપૂત સરપંચ પરના અત્યાચાર સામે વિરોધ વ્યકત કરાશે. સાથે સાથે આગામી લડતના કાર્યક્રમોની રણનીતિ તૈયાર કરાશે. રાજપૂત સમાજના આગેવાનોએ માંગણી કરી હતી કે, આ સમગ્ર મામલામાં નૈતિક જવાબદારી લઇ જીતુભાઇ વાઘાણી તાત્કાલિક અસરથી રાજીનામું આપે અને જાહેરમાં દાનસંગ મોરી અને તેના પરિવારજનોની માફી માંગે, અન્યથા રાજપૂત સમાજ આ આંદોલનને રાજયવ્યાપી બનાવશે.

જન ફરિયાદ
તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ
ગાંધીનગર મુખ્ય કાર્યાલય
બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ, સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073
ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.
એડીટોરીયલ ચીફ :
બકુલ એ. રાવલ
અમદાવાદ મુખ્ય કાર્યાલય
૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦
સહતંત્રી : નિલેશભાઈ રાવલ
૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪
તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

### રહેવાનું

કોઈ પાસે તો વળી કોઈ દૂર રહેવાનું,
મન છતાં મળવા ઘણું આતૂર રહેવાનું.

આંખમાં સૂતા સપના ઢંઢોળવા પડશે,
એષણાનું જોર તો ભરપુર રહેવાનું.

દંભનું આ ઘેન સાવ જ બિનજરૂરી છે,
જિંદગીભર તો ય મન ચકચૂર રહેવાનું.

છે સમય જીવન-સતત લડતા રહે છે સહુ,
કોઈ બીકણ સાવ કોઈ શૂર રહેવાનું.

આ રહેમદિલી નહીં પોષાય એને હા,
બસ વિધિનું કામ છે નિષ્ઠુર રહેવાનું.

લાગણીની આ નદીને બાંધજો કોઈ,
વ્હેણ એનું આજ ગાંડુતૂર રહેવાનું.

ક્યાં સુધી 'આનંદ'ને તુ અવગણીશ બધું..!
કામ તારું ઠીક નથી મગરૂર રહેવાનું.

**- અશોક જાની 'આનંદ'**

છેટા રહ્યા છો હરદમ 'ઘાયલ' ખુશાલીના સમ,
દુ:ખને કદી તો પૂછો વળગવામાં શું મજા છે,
એક આગનો દરિયો જે તનમનને રોજ ફુકે,
પ્રેમીને પુછો પળપળ સળગવામાં શું મજા છે,
દિલમાં થવા ઠરીઠામ મથતા રહ્યા પરંતુ,
ભટકી ગયા તો જાણ્યું, ભટકવામાં શું મજા છે,
એક અશ્રુબિંદુ આજે આઝાદ થઈ ગયું તું,
દઈ હાથતાળી બોલ્યું, છટકવામાં શું મજા છે,
છાનું હજું બહાનું સગપણ ને રોજ પોંખે,
છાપે ચડી પોકારો પ્રગટવામાં શું મજા છે,
લે હોડ માંડી એણે સમયની સાથે 'ઘાયલ',
અટકી ગયા છે શ્વાસો, અટકવામાં શું મજા છે ?

**-અમિત પંડ્યા 'ઘાયલ બીજો'**

